પેષક :–
આર. સી. રાવલ
નિયામક

નં.જીઇ/સક્સ/શિ.દિન–૨૦૧૪/જ/૨૦૧૪–૧૫/૫૯૬૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોક નં.૧૨/૧ ડૉ.જીવરાજ મહેતાભવન,
ગુ.રા. ગાંધીનગર.તા.૩૦/૮/૨૦૧૪

વિષય:– **<u>૫ મી સપ્ટેમ્બર–૨૦૧૪ શિક્ષક દિનની ઉજવણી કરવા બાબત.</u>**

**સ્નેહીશ્રી,**

આપ સુવિદિત છો કે દર વર્ષની ૫મી સપ્ટેમ્બર " શિક્ષક દિન " તરીકે ઉજવાય છે. તે રીતે ચાલુ વર્ષે પણ **૫,મી સપ્ટેમ્બર–૨૦૧૪ ના દિવસને " શિક્ષક દિન "** તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. શિક્ષક દિનની ઉજવણી માટે આપના જિલ્લામાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

(૧) **સ્થાનિક ઉજવણી સમિતિ :–** શિક્ષક દિનની ઉજવણી કરવા માટે જિલ્લાની એક સ્થાનિક સમિતિની રચના કરવાની છે.
આ સ્થાનિક સમિતિ નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવા સૂચવવામાં આવે છે.

**(૨) શિક્ષક દિનની ઉજવણી માટે જિલ્લા કક્ષાએ નીચે મુજબ સ્થાનિક ઉજવણી સમિતિની રચના કરવાની થાય છે.**

- આ સમિતિના અધ્યક્ષ તરીકે જિલ્લા કલેકટરશ્રી રહેશે..
- આ સમિતિના સભ્ય સચિવ તરીકે જિલ્લા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી રહેશે.
- આ સમિતિમાં નીચેના પૈકીના સ્થાનિક અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓનો સમાવેશ કરવો.

1. પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
2. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
3. જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી
4. સ્કુલ બોર્ડના શાસનાધિકારી
5. માન. સંસદ સદસ્યશ્રીઓ
6. માન. ધારાસભ્યશ્રીઓ
7. પ્રાથમિક શિક્ષક સંઘ/ માધ્યમિક શિક્ષક સંઘ/ માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક આચાર્ય સંઘના પ્રતિનિધિઓ.
8. સ્થાનિક સરકારી/ બિન સરકારી કોલેજોના આચાર્યશ્રીઓ
9. યુનિવર્સિટીનાં પ્રતિનિધિઓ

10\. માધ્યમિક/ ઉચ્ચ માધ્યમિક શાળાઓના પ્રગતિશીલ આચાર્યશ્રીઓ
10\. કેન્દ્રિય વિદ્યાલયના આચાર્યશ્રીઓ
11\. માન. મેયરશ્રી/ પ્રમુખશ્રી નગરપાલિકા
11\. ચેમ્બર ઓફ કોર્મસ/રોટરી કલબ/ લાયન્સ કલબ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ તથા મહિલા મંડળના પ્રતિનિધિઓ અને જિલ્લા કલેકટરશ્રી અન્ય નામો સૂચવે તે.

**3.** ઉપર દર્શાવ્યા પ્રમાણેની રચના કરી શિક્ષક દિનની ઉજવણી કરવા સંબંધે સમિતિની બેઠક બોલાવવાની વ્યવસ્થા કરશો અને આપના ભૌગોલિક, ઐતિહાસિક અને સાંસ્કુતિક તથા આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈને આયોજન કરશો.

**4.** શિક્ષક દિનની ઉજવણી દરમ્યાન પ્રત્યેક જિલ્લા દીઠ રૂપિયા ૫૦ હજારનું શિક્ષક દિન નિમિતેનો ફાળો એકત્રિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને તેને ધ્યાનમાં રાખી વધુ ફાળો એકત્રિત કરવાના કાર્યક્રમનું આયોજન ગોઠવવું.

5. ઉપર પ્રમાણે શિક્ષક દિન નિમિત્તે ફાળો એકત્ર કરવા માટે ગોઠવણ કરવી. આ ફાળો એકત્ર કરવાનું અભિયાન તા.રીખ ૫મી સપ્ટેમ્બરથી શિક્ષક દિનથી શરૂ કરીને એક અઠવાડિયા સુધી રાખી શકાય.

6. ઉપર દર્શાવેલ અભિયાન દરમ્યાન એકત્ર થયેલ ફાળાની રકમ નીચેની વિગતે બારોબાર જમા કરવાની રહેશે.

| ક્રમ | ફાળો એકત્ર કરવાની સંસ્થાઓ | નિયંત્રણ અધિકારી |
|---|---|---|
| ૧ | નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ | શાસનાધિકારી સંબંધિત નગર/ મહાનગર શિક્ષણ સમિતિ |
| ૨ | જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ અને ખાનગી પ્રાથમિક શાળાઓ | સંબંધિત તાલુકાનાં તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| ૩ | માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | જિલ્લા શિક્ષણાધિકારી |
| ૪ | કોલેજો અને યુનિવર્સિટી સંલગ્ન સંસ્થાઓ | જિલ્લા શિક્ષણાધિકારી |
| ૫ | પી.ટી.સી. કોલેજો | જિલ્લા શિક્ષણાધિકારી |

એકત્ર થયેલ ફાળાની રકમનો રોજે રોજનો હિસાબ ઉપરોકત અધિકારીઓએ રાખવાનો રહેશે અને ફાળો એકત્ર કરવાનું અઠવાડિયુ પુરુ થાય તુરત જ નીચે જણાવેલ બેન્કમાં અને જણાવેલ ખાતામાં સંબંધિત અધિકારીએ બારોબાર જમા કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

**—: શિક્ષક દિનનો ફાળો નીસચેની બેન્કમાં જમા કરાવવા અંગે.:—**

**ખાતાનું નામઃ સંક્રેટરી ટ્રેઝરર, નેશનલ ફાઉન્ડેશન ઓફ ટીચર્સ વેલ્ફેર,**

**બેન્કનું નામ:— સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, મેઈન બ્રાન્ચ, સચિવાલય, ગાંધીનગર**

**ખાતા નં.— 10325061369**

આપના તરફથી એકત્ર થયેલ ફાળો રોકડેથી કે ડિમાન્ડ ડ્રાફટ કે ચેકથી આ કચેરીને મોકલવાનો નથી. તેની ખાસ કાળજી લેવી અને **ઉપરોક્ત જણાવેલ સ્ટેટ બેન્કના ખાતા નંબરમાં જમા કરાવવાનો રહેશે.**

૧. **જાહેરાતઃ—** વર્ણનાત્મક પોસ્ટરો, સિનેમા, સ્લાઈડો અને વર્તમાન પત્રોમાં જાહેરાત કરવાની ગોઠવણી કરવી

૨. **સભાઓ :—** શિક્ષણ સંસ્થાના સમિતિની વિવિધ સંસ્થાઓ સાથે મળીને શિક્ષકોના લાભાર્થે સભાઓ, મેળવડાઓ યોજવા, શિક્ષક આવતી પેઢીના પ્રાયોદ્દઢ કરવાના ચાવીરૂપ અગત્યનું સ્થાન ધરાવે છે.તે હેતુસર વકૃત્વ સ્પર્ધા, લેખિત નિબંધ હરિફાઈ યોજવી. આ અંગેના લેખ અગત્યના સામાયિકોના સપ્ટેમ્બર—૨૦૧૪ ના અંકોમાં પ્રસિધ્ધ કરવા.

૩. **શિક્ષકોના ચિત્રો બતાવવા :—** સિનેમાગૃહો, શૈક્ષણિક, સામાજીક સંસ્થાઓ મારફતે શિક્ષકોની મહત્વની કામગીરીવાળા ચલચિત્રો પ્રદર્શિત કરવા આવા ચલચિત્રો સેન્ટ્રલ લાયબ્રેરી, ન્યુ દિલ્હી અથવા રાજય ફિલ્મ લાયબ્રેરીમાંથી ઉપલબ્ધ થઈ રહેશે. તે માટે માહિતી ખાતા ધ્વારા કાર્યવાહી કરવી.

૪. **સાંસ્કૃતિક અને વિવિધ કાર્યક્રમો :—**સાંસ્કૃતિક સંસ્થાઓ માન્ય મંડળ અન્ય મંડળઓએ શિક્ષક દિનની સાથે કે અલગ અલગ સાંસ્કૃતિક, મનોરંજન કાર્યક્રમ યોજવા અને તેની આવક શિક્ષણ કલ્યાણ રાષ્ટ્રિયનિધિના ભંડોળમાં જમા કરાવવી. આવી આવકને મનોરંજન કરમાંથી મુકિત અપાવવી.

૫. **જિલ્લાના આદ્યોગિક સંકુલ/ ઉધોગપતિઓને " શિક્ષક દિન "** નિમિત્તે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવી . આ દાન આવક વેરામાંથી મુકિત માટે જણાવી શકાય.

૬. જિલ્લાના સારા અને <u>શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવાનો કાર્યક્રમ</u> જિલ્લાની/ સંસ્થાઓમાં રાખી શકાય. અને શાળાઓ તેમના સારા કાર્યોની ચર્ચા– પરિચય કરી શકાય.

૭. **ચલચિત્રો બેનીફીટ શો :–** વધુ ભંડોળ એકત્ર કરવાના હેતુથી સિનેમાગૃહોના માલિકોના સંપર્ક સાધીને ચલચિત્રો બેનીફીટ શો નું આયોજન કરવું. ઉપરાંત સિનેમાના માલિકોને તારીખ. ૦૫ /૯/૨૦૧૪ ના દિવસના એક શોની આવક શિક્ષક કલ્યાણ રાષ્ટ્રિયનિધિમાં જમા કરાવવા વિનંતી કરવી.

૮. **રમત ગમત અને મેળાવડાનું આયોજન :–** વ્યાયામના દાવ, કુસ્તી, હરીફાઈ, ક્રિકેટ, ફુટબોલ, ટુનામેન્ટ જેવુ આયોજન પણ કરી શકાય.

૯. ફાળો એકત્ર કરવાની જરૂરી વ્યવસ્થા દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રીએ કરવાની રહેશે.

૧૦. શિક્ષક દિન ઉજવણીનો અહેવાલ આ કચેરીને શ્રી આર. વી.. રંગપરીયા નાયબ શિક્ષણ નિયામકશ્રીના નામ જોગ તા. ૨૫–૯–૨૦૧૪ સુધીમાં મોકલી આપવો. આપના જિલ્લાના કાર્યક્રમોના ફોટોગ્રાફ તથા એકત્રીત થયેલ ફાળાની વિગતો પણ અહેવાલમાં સામેલ કરવો.

કુશળ હશો,

**નોધ :– કોઈ પણ સંસ્થાએ રોકડમાં ફાળો અત્રેની કચેરીમાં મોકલવો નહી.**

આપનો સ્નેહાધિન,

(આર. સી. રાવલ)

પ્રતિ,

(૧) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સે. ૧૨, ગાંધીનગર

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી – તમામ

**– આપના જિલ્લાની આવેલ સરકારી/ બિન સરકારી શાળાઓ કચેરીઓને પણ આ પરિપત્રની જાણ કરી તેઓને પણ આ કામમાં ભાગીદારી બનાવશો.**

(૩) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

(૪) જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી તમામ

(૫) શાસનાધિકારીશ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

(૬) વર્ગ–૧ અને વર્ગ–૨ ના તમામ અધિકારીશ્રીઓ.પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગુ.રા. ગાંધીનગર

**<u>નકલ સવિનય જાણ સારૂ</u> :–**

૧. અંગત સચિવશ્રી માનનીય શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર

૨. અગ્ર સચિવશ્રી પ્રાથમિક શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.